# ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર, નાગપુર

## ICAR-Central Institute for Cotton Research, Nagpur

An ISO 9001:2015 Certified Organization

### ૫ થી ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ દરમ્યાન કપાસની ખેતી પધ્ધતિ માટે ૩૨મી અઠવાડિક સલાહ

| ગુજરાત | | છેલ્લા અઠવાડિયામાં પડેલ ખરેખર વરસાદ (મીમી) | | | | | | આગામી અઠવાડિયા માટે સુચિત / પુર્વાનુમાન વરસાદ (મીમી) | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ડીસેમ્બર/ જાન્યુઆરી | | | | | | જાન્યુઆરી | | | | |
| | | ૩૧ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ | ૦૭ | ૦૮ | ૦૯ | ૧૦ |
|  | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | જુનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | સાબરકાંઠા | | | | | | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | પાટણ | | | | | | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | મહેસાણા | | | | | | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ પડેલ વરસાદ અને પ્રમાણિત રંગ | | ૦.૧ થી ૨.૪ મીમી | | ૨.૫ થી ૧૫.૫ મીમી | | ૧૫.૬ થી ૬૪.૪ મીમી | | | ૬૪.૫ થી ૧૧૫.૫ | | ૧૧૫ થી ૨૦૪.૪ મીમી | |
| પડેલ વરસાદનું વર્ગીકરણ | | ખૂબ જ ઓછો વરસાદ | | ઓછો વરસાદ | | મધ્યમ વરસાદ | | | ભારે વરસાદ | | અતિ ભારે વરસાદ | |

**પાક પરિસ્થિતિ :**

સુરત ખાતે, પાક છેલ્લી વીણીની અવસ્થાએ છે.

જુનાગઢ ખાતે, પાક બીજી વીણી પુર્ણ થઈ છે અને છેલ્લી વીણીની પ્રક્રિયા ચાલુ છે.

**સલાહ :**

સુરત ખાતે, ખેડુતોને કપાસનાં પુર્ણ ખુલેલ જીંડવાઓની લણણી કરવાની સલાહ આપવામાં આવે છે. ઉપદ્રવિત અને તંદુરસ્ત કપાસને અલગ રાખવાથી સારી કિંમત મળી શકે છે. કપાસની વીણી અને સંગ્રહ માટે કંતાન કે પ્લાસ્ટીકની કોથળીઓની જગ્યાએ કપાસની બેગ સંગ્રહ માટે વાપરવાથી ભેળસેળ ન થવાથી રૂ ચોખ્ખું રહે છે. કપાસની વીણી બાદ કપાસને સીમેન્ટ કોંક્રીટ કે તાડપત્રી ઉપર ફેલાવી સુર્યપ્રકાશમાં તપાવવાથી ભેજ ઘટવાથી બજારમાં સારી કિંમત મેળવી શકાય છે. છેલ્લી વીણી બાદ, ગુલાબી ઈયળથી ઉપદ્રવિત ઠુંઠા અને ખરાબ થયેલ ખુલ્લા જીંડવાઓનાં નિકાલ માટે ઢોર અને ઘેટાંને ચરવા માટે છોડી દેવા.

જુનાગઢ ખાતે, ખેડુતોને પાક પુર્ણ કરી પાકનાં અવશેષોમાંથી ખાતર બનાવી દેવું. છેલ્લી વીણી બાદ, ગુલાબી ઈયળથી ઉપદ્રવિત ઠુંઠા અને ખરાબ થયેલ ખુલ્લા જીંડવાઓનાં નિકાલ માટે ઢોર અને ઘેટાંને ચરવા માટે છોડી દેવા.

કપાસ ઉત્પાદનની તાંત્રિકતા આધારિત વિસ્તૃત માહિતી દા.ત. જમીનની પસંદગી, જાતો/ સંકરો, ખાતર આપવાની પધ્ધતિ, વાવણીની રીત, પિયત પધ્ધતિઓ, નિંદામણ, કિટકો અને રોગોનું વ્યવસ્થાપન વિગેરેની માહિતી એન્ડ્રોઈડ આધારીત CICR Cotton App. કે જે ICAR-CICR, નાગપુર દ્વારા તૈયાર કરેલ છે. આ એપ ગુગલ પ્લે સ્ટોરમાંથી વિના મુલ્યે ડાઉનલોડ કરી શકાય છે. વધુમાં, પાક વૃધ્ધિ અવસ્થા અને હવામાન આધારિત અઠવાડિક સલાહ ICAR-CICR, નાગપુરની વેબસાઈટ ઉપર ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ છે જેનો લાભ ખેડુતો લઈ શકે છે.